કોંગ્રેસના બદલે ગઠબંધનને મત આપવા માયાની અપીલ

ઉત્તરપ્રદેશના દેવબંધમાં બહુજન સમાજ પાર્ટી, સમાજવાદી પાર્ટી અને લોકદળની આજે પ્રથમ સંયુક્ત રેલી યોજાઈ હતી અને જોરદાર શક્તિપ્રદર્શનના પ્રયાસો થયા હતા. બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતીએ પશ્ચિમી ઉત્તરપ્રદેશમાં મુસ્લિમોને કોંગ્રેસ પાર્ટીના ચક્કરમાં ન ફસાવવા અને ભાજપને પરાજિત કરવા માટે ગઠબંધનના ઉમેદવારને મત આપવા અપીલ કરી હતી. માયાવતીએ મોદી અને કોંગ્રેસ ઉપર પ્રહારો કર્યા હતા. માયાવતીએ કહ્યું હતું કે, મહાગઠબંધનની મહારેલીમાં જે પ્રકારે લોકો પહોંચ્યા છે તેની માહિતી મોદીને મળશે તો તેઓ ભયભીત થઈ જશે અને સરાબ સરાબ સરાબ કરવા લાગી જશે. બસપ નેતાએ કહ્યું હતું કે, જો ચૂંટણી અથવા ઈવીએમમાં કોઈ ગોટાળા કરવામાં નહીં આવે તો બસપા અને ગઠબંધનની જીત થશે. ભાજપના નાના મોટા ચોકીદાર કંઈપણ કરી લે તો પણ તેમની જીત થઈ શકશે નહીં. અચ્છે દિનના વચનો આપીને મોદીએ લોકોને ગેરમાર્ગે દોરી દીધા છે. સરકારી ખજાનાને લૂંટી લેવામાં આવ્યો છે. નોટબંધી અને જીએસટી જેવા નિર્ણયથી બેરોજગારીને પ્રોત્સાન મળ્યું છે. ભાજપના શાસનમાં અનામતની વ્યવસ્થા નબળી બની ગઈ છે. ભારતીય જનતા પાર્ટી અમીરોને અમીર કરવામાં લાગેલી છે. માયાવતીએ કહ્યું હતું કે, મહાગઠબંધનની ચોક્કસપણે વાપસી થશે. મોદી સરકાર સીબીઆઈ અને ઈડીનો ઉપયોગ કરીને વિરોધીઓને નબળા કરવાના પ્રયાસો કરી રહી છે. ચૂંટણીમાં આપવામાં આવેલા વચનો પૈક એક ચતુર્થાંશ કામ પણ થઈ શક્યા નથી. બસપના વડાએ કહ્યું હતું કે, જો અમારી સરકાર બનશે તો કોઈપણ રાજ્યમાં ખેડૂતો ઉપર દેવું રહેશે નહીં. માયાવતીએ એમ પણ કહ્યું હતું કે, પહેલાની કોંગ્રેસની સરકારની જેમ જ ભાજપ સરકારના વચનો પણ વચનો જ પુરવાર થયા છે. પશ્ચિમી ઉત્તરપ્રદેશમાં મુસ્લિમ સમુદાયને અપીલ કરતા માયાવતીએ કહ્યું હતું કે, કોંગ્રેસને મત આપવાના બદલે ગઠબંધનને મત આપવાની જરૂર છે. ગઠબંધન ભાજપને ટક્કર આપી શકે છે. કોંગ્રેસ પાર્ટી એમ માનીને ચાલી રહી છે કે, અમારી જીત થાય કે ન થાય ગઠબંધનના ઉમેદવાર જીતી ન શકે તે જરૂરી છે. આજ કારણસર આવા ઉમેદવારોને ટિકિટ આપવામાં આવી રહી છે જેના કારણે ગઠબંધનને નુકસાન થઈ શકે છે. કોંગ્રેસ પાર્ટીએ સહરાનપુરમાં ઈમરાન મસુદને ટિકિટ આપીને મુસ્લિમ મતોને વિભાજિત કરવાના પ્રયાસો કર્યા છે. બસપ નેતાના કહેવા મુજબ ઉત્તરપ્રદેશમાં ભાજપને પરાજિત કરવા માટે મુસ્લિમ સમાજને ગઠબંધનના ઉમેદવારોને મત આપવા પડશે. મોદીની સાથે સાથે યોગીને ભગાડવાની જરૂર છે જેથી મુસ્લિમ સમુદાય તેમની સાથે રહે તે જરૂરી છે. તેમની ખોટી નીતિઓના લીધે કોંગ્રેસ સત્તાની બહાર થઈ છે. કોંગ્રેસની ન્યાય યોજનાથી ગરીબોને કોઈ લાભ થશે નહીં. કેન્દ્રમાં અમારી સરકાર રહેશે તો ગરીબોને સ્થાયી રોજગાર અપાશે.

ભાજપમાં સાંસદોની ટિકિટો કપાવવાનો દોર યથાવત

લોકસભાની ચૂંટણી માટે રાજકીય ગરમી જામી છે ત્યારે ઉમેદવારોના નામ જાહેર કરવાનો સિલસિલો જારી રહ્યો છે. પ્રભાવશાળી લોકોના વિરોધ અને કોઈની પણ નારાજગીની ચિંતા કર્યા વગર ભાજપે વધુ નવ સાંસદોને ટિકિટ કાપી નાંખી છે. ભાજપે ખુબ જ રોમાંચકરીતે ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગીનો સિલસિલો જારી રાખ્યો છે. જયપુરના શાહી પરિવારમાંથી સંબંધ ધરાવતી દિયાકુમારીને રાજસ્થાનના રાજસંબંધ લોકસભા સીટ પરથી ઉમેદવાર બનાવવાની જોરાત કરવામાં આવી છે. ભાજપે પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે સાથે તેમના સંબંધોની પણ અવગણના કરી દીધી છે. ભાજપે આ નિર્ણય કરીને વસુંધરા રાજેની નારાજગી વધારીને મુશ્કેલી ઉભી કરી શકે છે. આ પહેલા ભાજપે હનુમાન બેનીવાલને નાગોર સીટ પરથી ઉમેદવાર બનાવ્યા હતા. બેનીવાલ વસુંધરાથી વિરોધ બાદ પાર્ટી છોડીને જતા રહ્યા હતા. બેનીવાલ ભાજપના સમર્થનથી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડનાર છે. દિયાકુમારીની ઉમેદવારી રાજસંબંધ લોકસભા સીટથી વર્તમાન ઉમેદવાર હરિઓમસિંહ રાઠોડના ખરાબ આરોગ્યના પરિણામ સ્વરુપે નક્કી કરવામાં આવી છે. બાંદાથી સ્થાનિય વિરોધ છતાં સાંસદ ભૈરોપ્રસાદ મિશ્રાની જગ્યાએ આરકે પટેલને ટિકિટ આપી દેવામાં આવી છે. જાતિગત સમીકરણોને ફગાવી દઈને સમાજવાદી પાર્ટીએ શ્યામાપ્રસાદ ગુપ્તાને મેદાનમાં ઉતાર્યા છે. ઝાંસીની લોકસભા સીટ પરથી ઉમા ભારતીએ આરોગ્યના કારણોસર ચૂંટણી નહીં લડવાની જાહેરાત કર્યા બાદ વૈદ્યનાથ ચુપના અનુરાગ શર્માને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. રાંચી સીટથી પાર્ટીના વરિષ્ઠ નેતા રામતહેલ ચૌધરીને સંજય શેઠ માટે બેઠક છોડી દેવાની ફરજ પડી છે. ઝારખંડના પૂર્વ મંત્રી અને કોડરમાંથી વર્તમાન સાંસદ રવિન્દ્ર રોયની જગ્યાએ આરજેડીમાંથી પાર્ટીમાં સામેલ થયેલા અન્નપૂર્ણા દેવીને ટિકિટ આપવામાં આવી છે. કેન્દ્રીય મંત્રી અને ગ્વાલિયરમાંથી સાંસદ નરેન્દ્રસિંહ તોમરને મુરેનાથી ટિકિટ આપવામાં આવી છે. ગ્વાલિયરમાંથી વિવેક સેજવાકરને ટિકિટ આપવામાં આવી છે. રાજસ્થાનની બાડમેર સીટથી વર્તમાન સાંસદ સોનારામ ચૌધરીની જગ્યાએ કૈલાશ ચૌધરીને ટિકિટ આપવામાં આવી છે. આ વખતે ભાજપે મોટી સંખ્યામાં વર્તમાન સાંસદોની ટિકિટ કાપી છે. આ સિલસિલો જારી રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, બળવાની સ્થિતિ અને મતદારોમાં રહેલી નારાજગીને લઈને ભારતીય જનતા પાર્ટી ૨૦૧૯ લોકસભાની ચૂંટણીમાં તેના વર્તમાન સાંસદો પૈકીના એક તૃતિયાંશ જેટલા સાંસદોને ટિકિટ નહીં આપે તેમ માનવામાં આવે છે. આના સંકેત મળવા લાગી ગયા છે. હજુ સુધી પાર્ટી દ્વારા જાહેર કરવામાં આવેલા ઉમેદવારો પૈકી અનેક વર્તમાન સાંસદોની ટિકિટ કપાઈ ચુકી છે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં મોદી લહેર હેઠળ જીતી ચુકેલા મોટી સંખ્યામાં સાંસદોની ટિકિટ કપાઈ ચુકી છે. હજુ સુધી છેલ્લી ચૂંટણીમાં જીતેલા સાંસદો પૈકી ૭૧ સાંસદોને પડતા મુકવામાં આવી ચુક્યા છે. આ દોર હજુ જારી રહે તેમ માનવામાં આવે છે. ભાજપ આ વખતે લોકસભાની ચૂંટણીમાં વધુ સારા દેખાવના ઈરાદા સાથે જે સાંસદોની સામે નારાજગી જોવા મળી રહી છે અથવા તો જે સાંસદોના કામને લઈને મતવિસ્તારના લોકો નાખુશ દેખાઈ રહ્યા છે તે સાંસદોની ટિકિટ કાપવામાં આવી રહ છે. હજુ આ આંકડો વધવાના સંકેત છે.

જયપુરના શાહી પરિવારમાંથી દિયાકુમારીને રાજસંબંધ લોકસભા બેઠક ઉપરથી ટિકિટ : વસુંધરાની અવગણના

ચોકીદારની ચોકી આંચકી લેવાશે : અખિલેશનો દાવો

ઉત્તરપ્રદેશના સહારનપુરના દેવબંધમાં ગઠબંધનની આજે પ્રથમ સંયુક્ત રેલી યોજાઈ હતી જેમાં બસપાના વડા માયાવતી અને સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે કેન્દ્ર સરકાર અને કોંગ્રેસ ઉપર પ્રહાર કર્યા હતા. બંને નેતાઓએ લોકોને મત વિભાજન ન કરવા અપીલ કરી હતી. એકબાજુ માયાવતીએ મહાગઠબંધનની મહારેલીમાં મોદી સરકાર પર પ્રહાર કર્યા હતા. બીજી બાજુ રેલીને સંબોધતા અખિલેશે આગામી ચૂંટણીને ઈતિહાસ બનાવવાની ચૂંટણી ગણાવી હતી. અખિલેશે કહ્યું હતું કે, અહીં એવા પણ નેતા આવ્યા હશે જે નફરત ફેલાવવા સિવાય કોઈપણ પ્રકારના નિવેદન કરતા નથી. ભાજપ સરકાર સામે પ્રહાર કરતા અખિલેશે કહ્યું હતું કે, પહેલા અમારી વચ્ચે ચા વાળા બનીને મોદી આવ્યા હતા. અચ્છે દિન, ૧૫ લાખ રૂપિયા અને કરોડો નોકરીઓના વચનો આપવામાં આવ્યા હતા. આ વખતે ચોકીદાર બનીને આવી રહ્યા છે. આ વખતે ચોકીદારની ચોકી આંચકી લેવામાં આવશે. દલિતો, પછાત અને લઘુમતિ સમુદાયના લોકો ચોકીદારની ચોકીને આંચકી લેશે.

મૃતદેહ ગણવાનું કામ યુદ્ધવીરોનું નહિ, પણ ગીધવીરોનું : રાજનાથ

જમુઈ,તા.૭

કેન્દ્રના ગૃહપ્રધાન રાજનાથ સિંહે રાજદ્રોહનો કાયદો રદ કરવાની કોંગ્રેસના ચૂંટણીઢંઢેરામાં અપાયેલી બાંયધરીની શનિવારે આકરી ટીકા કરી હતી. તેમણે પાકિસ્તાનના બાલાકોટમાંના ભારતીય હવાઈદળના હુમલામાં માર્યા ગયેલા ત્રાસવાદીઓના ચોક્કસ આંકડા જાહેર કરવા વિપક્ષે કરેલી માગણીની સરખામણી ગીધ દ્વારા મૃતદેહો ગણવા જેવી સ્થિતિ સાથે કરી હતી.

રાજનાથ સિંહે નવાદા ખાતે જાહેરસભાને સંબોધતા જણાવ્યું હતું કે યુદ્ધવીરોને મૃતદેહો ગણવામાં રસ નથી હોતો. મૃતદેહો ગણવાનું કામ ગીધવીરોનું હોય છે.

તેમણે જણાવ્યું હતું કે કોંગ્રેસ જો પોતે સત્તા પર આવશે તો રાષ્ટ્રદ્રોહનો કાયદો રદ કરવાનું વચન આપે છે અને જનતા પાસે મત માગે છે. શું આવા વિચાર ધરાવનારા લોકોને જનતા ચૂંટણીમાં મત આપશે?

કેન્દ્રના ગૃહપ્રધાને જમુઈમાં જાહેરસભાને સંબોધતા જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદીની સરકાર દરેક પ્રકારની રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિને કચડી નાખવા કટિબદ્ધ છે. અમે આવા કાયદાને રદ કરવા અથવા તેને હળવા બનાવવાને બદલે તેને વધુ કડક બનાવવામાં માનીએ છીએ.

રાજનાથ સિંહે પ્રધાનમંડળમાંના પોતાના સાથી રામવિલાસ પાસવાનના દીકરા ચિરાગ પાસવાન માટે ચૂંટણીપ્રચાર કર્યો હતો. એલજેપીના સાંસદ ચિરાગ પાસવાન જમુઈની અનામત બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે.

જે વ્યક્તિને પરિવાર નથી તે બીજાની જાણકારીઓ મેળવે છે : શરદ પવાર

મોદીના પરિવારવાદ વાળા નિવેદન પર શરદ પવારનો પલટવાર : મોબાઇલ ફોન રાજીવ ગાંધીની દેન, ભાજપે દેશને શું આપ્યું?

નેશનલ કોંગ્રેસ પાર્ટી (NCP)ના પ્રમુખ શરદ પવારે વડાપ્રધાન મોદી પર તીખા પ્રહારો કર્યા છે. તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાન મોદીને પરિવારનો કોઈ અનુભવ નથી. તેમને એ પણ નથી ખબર કે હાલ તેમના પરિવારના લોકો કયાં છે? મોદીએ પહેલી એપ્રિલે વર્ધામાં થયેલી રેલીમાં જણાવ્યું હતું કે, પવાર, એનસીપી પરથી પોતાની પકડ ગુમાવી રહ્યા છે. તેમને કૌટુંબિક સંઘર્ષનો સામનો કરવો પડી રહ્યો છે.

જાહેરસભામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એવો આક્ષેપ કર્યો હતો કે પવારના ભત્રીજા અજીત પાર્ટી પર પોતાનું નિયંત્રણ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ જ કારણથી ટિકિટ વહેંચણીમાં પણ પક્ષને મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

શરદ પવારે વળતો પ્રહાર કરીને જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ધામાં યોજાયેલી રેલીમાં જણાવ્યું હતું કે, પવારના પરિવારમાં વિવાદ ચાલી રહ્યા છે. અજીતે નિયંત્રણ પોતાના હાથમાં લઈ લીધું છે. પવાર પરિવાર હવે વધારે સમય સુધી રહેશે નહીં. આ અંગે હું જણાવવામાં માંગુ છું કે અમે ભાઈઓ આવી જ સ્થિતિમાં ઉછર્યા છીએ જયાં અમારી માતા એ અમને સદાચાર શીખવ્યો છે.

એક વ્યક્તિ જેને પરિવારનો કોઈ અનુભવ નથી, જેને પોતાને જ ખબર નથી કે તેમનો પરિવાર કયાં છે તેઓ બીજા પર આક્ષેપો કરી રહ્યા છે. અત્યાર સુધી લોકો હારને છૂપાવવા માટે ગાંધી પરિવારને નિશાન બનાવી રહ્યા હતા, હવે મારો પરિવાર પણ આ યાદીમાં સામેલ થઈ ગયો છે. કોંગ્રેસની સરકારની નીતિઓને કારણે જ આજે દેશના કરોડો લોકો મોબાઈલનો ઉપયોગ કરી રહ્યાં છે. નરેન્દ્ર મોદી ઘણીવાર પુછત હોય છે કે, કોંગ્રેસનું દેશમાં શું યોગદાન છે. તેમણે કહ્યું કે, તેઓ નરેન્દ્ર મોદીને યાદ અપાવવા માંગશે કે રાજીવ ગાંધીના કારણે જ આ દેશમાં દરેક વ્યકતીઓ આંગળીઓ પર મોબાઈલનો ઉપયોગ કરી રહ્યાં છે.

રાહુલ ગાંધીને પણ પ્રધાનમંત્રી બનવાની તક મળી જોઈએ : રાજ ઠાકરે

મુંબઈ,તા.૭

મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના અધ્યક્ષ રાજ ઠાકરેએ પીએમ મોદી પર કટાક્ષ કર્યો છે. રાજ ઠાકરેએ પીએમ મોદી પર ટિપ્પણી કરતા કહ્યું કે, પીએમ નરેન્દ્ર મોદી બીજા એડોલ્ફ હિટલર છે. રાજ ઠાકરેએ જણાવ્યું કે હું ગુડી પડવાના અવસરે મોદી મુક્ત ભારતની કામના કરૂ છું. જે રીતે મોદીને પ્રધાનમંત્રી બનવા માટે તક મળી તે જ રીતે રાહુલ ગાંધીને પણ પ્રધાનમંત્રી બનવા માટે તક મળવી જોઈએ. બની શકે કે તેઓ દેશ માટે કંઈ સારૂ કરી શકે.

આગળ વધુમાં જણાવ્યું કે મોદી જયારે પ્રધાનમંત્રી બન્યા તે પહેલા તેઓને નહોતી ખબર કે તેમની માતા પણ છે. પરંતુ જ્યારે તેઓ પીએમ બન્યા મીડિયાના લોકોને લઈને માતાને મળવા પહોંચી જાય છે.

ભાજપ ચૂંટણી જીતવા માટે કરોડો રૂપિયા ખર્ચ કરી રહી છે. જો તેઓ પૈસા આપવા માટે આવે તો એ પૈસા લઈ લેવા, કારણકે તેઓ આપણને લૂંટી ચૂક્યા છે.

સન્નાટો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગરમીનો પારો ૪૧ ડીગ્રી એ પહોંચી જતા નગરના માર્ગો પર સન્નાટો જોવા મળ્યો હતો.

ગાંધીનગરને ગરમીએ ગિરફતમાં લીધુ છે. આકરી ગરમીની મોસમ નિખરતા રોજબરોજ ગરમીનો પારો ઉંચે ચઢતો જાય છે. જેના લીધે જનજીવન પણ પ્રભાવિત છે. આકરી ગરમીએ સૌ કોઈને બેબાકળા કરી દીધા છે. દિવસે સવારથી જ આકરો તાપ વર્તાતા બપોરના સમયે આકાશમાંથી અંગારા વરસતા ઘરની બહાર જવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. આવા સંજોગોમાં નગરજનો પણ કામ સિવાય ઘરની બહાર નિકળતા નથી. જેથી નગરના માર્ગો પણ સુમસામ જોવા મળી રહ્યા છે. આકરી ગરમીના લીધે આજે પણ નગરમાં સન્નાટો જોવા મળ્યો હતો. દિવસ દરમિયાન માર્ગો પર ખાલીપો જોવા મળ્યો હતો. આજે રજાનો દિવસ હોવાની સાથે ગરમીનો પારો પણ ઉંચકાતા દિવસ દરમિયાન નગરજનો એ સી માં પુરાઇ રહ્યા હતા. જયારે સાંજના સમયે ફરી નગરના જનજીવનમાં ચહલ પહલ જોવા મળી હતી. ગઇકાલની સાપેક્ષમાં ગરમી ૦.૬ ડિગ્રી વધી હતી. ગઇકાલે મહત્તમ તાપમાન ૪૦.૪ હતુ. જયારે આજે મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીએ પહોંચી જતા ચામડીના દાહ આપતી ગરમીથી નગરજનો તોબા પોકારી ગયા હતા. છેલ્લા કેટલાક દિવસોથી ગરમીનો પારો૪૦ ડિગ્રીની પાર રહેતા વાતાવરણમાં સતત ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. ગરમીના લીધે શહેરમાં શેરડીના રસ ,છાશ , ઠંડા પીણા તેમજ આઇસ્ક્રીમ ગોળાનુ વેચાણ વધી ગયુ છે. આકરા હીટવેવથી બચવા માટે વાહનચાલકો પણ ટોપી અને રૂમાલ બાંધી જતા નજરે પડે છે.

અતિતની આજ ● ચોથા પાનાનું ચાલું

સાંભળવાનું સ્વીકાર્યું છે. જુલાઈ ૨૦૧૮માં ઉપાધ્યાયની જ જાહેર હિતની અરજીથી મુખ્ય ન્યાયાધીશ દીપક મિશ્રાના વડપણવાળી ખંડપીઠ સમક્ષ બે બેઠકો પરથી એકસાથે ચૂંટણી લડવાની જોગવાઈવાળી લોકપ્રતિનિધિ ધારાની કલમ ૩૩(૭)ને રદ કરવા ઉપરાંત ગેરબંધારણીય જાહેર કરવાની દાદ માંગવામાં આવી હતી.

કાયદા પંચની ભલામણ અભેરાઈએ

જોકે એ વેળા ભારત સરકારે ઉમેદવારને બે બેઠકો પર લડવાને વ્યક્તિનો અધિકાર લેખાવતાં ઉપાધ્યાયની અરજીનો વિરોધ કર્યો હતો. ચૂંટણી પંચે એપ્રિલ ૨૦૧૮માં પોતાની ૨૦૦૪ની ભૂમિકાને વળગી રહેતાં સર્વોચ્ચ અદાલતને જણાવ્યું હતું કે કોઈપણ ઉમેદવારને એકસાથે બે બેઠકો પરથી લડવાની મંજૂરી આપવામાં ના આવવી જોઈએ.બંને બેઠકો લડવાની જોગવાઈ ચાલુ રખાય અને ઉમેદવાર બંને બેઠકો પરથી જીતે તો તેણે પેટાચૂંટણી યોજવા માટે અમુક નિર્ધારિત ખર્ચ સરકારી તિજોરીમાં જમા કરાવવો.વર્ષ ૨૦૦૪માં ચૂંટણી પંચે વિધાનસભાની ખાલી પડનાર બેઠકની પેટાચૂંટણી માટે પાંચ લાખ રૂપિયા અને લોકસભાની ખાલી પડનાર બેઠકની પેટાચૂંટણી ચૂંટણી માટે ૧૦ લાખ રૂપિયા જમા કરાવવા માટે સૂચવ્યું હતું, એ રકમમાં પણ યોગ્ય અને પ્રમાણસરનો વધારો કરવામાં આવે, એ બાબત સર્વોચ્ચ અદાલતમાં રજૂ કરી હતી. જસ્ટિસ એ.પી.શાહના વડપણવાળા દેશના કાયદા પંચે વર્ષ ૨૦૧૫માં કેન્દ્ર સરકારને સુપરત કરેલા ૨૫૫મા અહેવાલમાં પણ એવી ભલામણ કરી હતી કે કોઈપણ ઉમેદવારને એકસાથે યોજાનારી ચૂંટણીમાં માત્ર એક જ બેઠક પરથી લડવાની છૂટ આપતી કાનૂની જોગવાઈ કરવી જોઈએ. આ અહેવાલના અનુસંધાનમાં ચૂંટણી પંચે ડિસેમ્બર ૨૦૧૬માં ભારત સરકારને પાઠવેલી ૪૭ દરખાસ્તોમાં પણ કાનૂની રીતે ઉમેદવાર એકસમયે માત્ર એક જ બેઠક પરથી ચૂંટણી લડી શકે, એ માટે જરૂરી કાયદાકીય સુધારાનો આગ્રહ સેવ્યો હતો. જોકે આ મામલો હજુ આવતા દિવસોમાં પણ વ્યક્તિ સ્વાતંત્ર્ય અને નાણાકીય સંસાધનોના બગાડના વિવાદ વચ્ચે હિલોળા લેતો રહેશે.

ઈ-મેઈલ : haridesai@gmail.com

પાણીનો ફોર્સ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહીશોને ગરમીના દિવસોમાં હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. સેકટરોમાં પાણીનો ફોર્સ ઘટતા મકાનોની ટાંકી પણ ભરાતી ન હોવાનો રોષ નાગરિકો ઠાલવી રહ્યા છે. ગરમીના દિવસોમાં પાણીનો વપરાશ આમ પણ વધી જાય છે.ત્યારે રોજ અપાતા સપ્લાયમાં પણ ઘટાડો થયો હોવાનુ નાગરિકો જણાંવી રહ્યા છે. નવા સેકટરોમાં પાણી સપ્લાય કરવા માટે સે-૫ માં વર્ષો અગાઉ પાણીની ટાંકીનુ નિર્માણ કરાયુ હતુ. જયારે પાણીની પાઈપલાઈન પણ અપગ્રેડ કરવામાં આવી હતી. આમછતા આજે પાણીનો પ્રશ્ન ધીમે ધીમે જટીલ બનવા તરફ છે. સેકટરોમાં પાણી સપ્લાય કરવા માટે સરકાર દ્વારા પ્રતિવર્ષ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. જયારે ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં સમયાંતરે પાણીની બુમ ઉઠતી રહે છે. સેકટરોમાં પાણીના સપ્લાય માટે બોર પણ ઉપયોગમાં લેવામાં આવે છે. આવા સંજોગોમાં પુરતા પ્રમાણમાં પાણી સપ્લાય કરવામાં આવે તેવી પ્રબળ માંગ પણ ઉઠવા પામી છે.

સ્પષ્ટ થશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તંત્રની સજ્જતા અંગેની સ્પષ્ટ જાણકારી પણ આપશે. ગાંધીનગર સંસદીય મતવિસ્તાર માટે આ વેળાએ પણ ચૂંટણીમાં બે ઈવીએમ વાપરવામાં આવશે તેટલુ સ્પષ્ટ મનાઈ રહ્યુ છે. જોકે આજે કેટલા ઉમેદવારીપત્રો પાછા ખેંચાય છે તેના પર સૌની નજર મંડાયેલી છે. ભાજપ-કોંગ્રેસ-બસપા ઉપરાંત ૮ નોંધાયેલા રાજકીય પક્ષોના ઉમેદવાર સહિત ૧૬ અપક્ષ ઉમેદવારો હજુ મેદાનમાં છે.

ગરમી પડશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચોમાસુ સારૂ આવી શકે. ગુજરાતમાં ચોમાસુ સામાન્ય અથવા સમાન્યથી થોડુ નીચુ રહેવાની શક્યતા રહે. કેટલાક પશ્ચિમના ભાગો, કચ્છના ભાગો અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં ચોમાસાની ગતિવિધિ મે-જૂનમાં કેવી રીતે કેવી રહેશે તે ઉપરથી ખ્યાલ આવી શકે. પરંતુ ગુજરાતમાં ઘણા ભાગોમાં આ વખતે ચોમાસુ સારૂ રહેવાની શક્યતા રહે છે. ચોમાસાના અંગારક યોગના લીધે કોઈ ભાગમાં વધુ વરસાદ તો કોઈ ભાગમાં ઓછા વરસાદની શક્યતા રહે. જૂનની શરૂઆતમાં વરસાદ થયા પછી વાયરા ફૂંકાય તો વરસાદ ખેંચાઈ પણ શકે. જુલાઈ, ઓગષ્ટ, સપ્ટેમ્બરમાં સારા વરસાદની શક્યતા રહે. આ વખતે જૂન માસમાં પણ ગરમી રહે. હમણાં ગરમી અંગે જોતાં ગુજરાતના ભાગોમાં ૮, ૯, ૧૦, ૧૧માં ગરમી પડે. મહત્તમ ઉષ્ણતાપામાન ઉંચુ જાય. તા. ૧૩ થી ૧૬માં વાદળો આવે, ૧૫, ૧૬માં વાદળો વધી શકે. ૨૦મી એપ્રિલ પછી દેશના દક્ષિણ પૂર્વિય તટઉપર વાવાઝોડા ફુંકાવાની શક્યતા રહે. ૧૧મી મે પછી સખ્ત ગરમી પડે. આમ વંટોળનું જોર રહે. તા. ૨૮મી મે થી જૂનની શરૂઆતમાં રોહિણી નક્ષત્રના વરસાદની શક્તા રહે. પરંતુ આ વરસાદથી ચોમાસુ વહેલુ પડે કે મોડુ પડે તે રોહિણી નક્ષત્રના વરસાદથી ખ્યાલ આવી શકે. રોહિણી નક્ષત્ર ઉતરતાં વરસાદ થાય તો વરસાદ સારો આવે.

'અબ હોગા ન્યાય'... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આરોગ્યની કાળજી માટે અધિકાર તથા એક નેટવર્ક હેઠળની જાહેર અને યાદીસૂચિત ખાનગી હોસ્પિટલોમાં મફત ડાયગ્નોસિટ્કસ, આઉટ-પેશન્ટ્સ કેર, મફતમાં દવાઓનું વિતરણ તથા હોસ્પિટલાઈઝેશન માટે કોંગ્રેસે તેના ચૂંટણીઢંઢેરામાં વચન આપ્યું છે. પાર્ટીએ વચન આપ્યું છે કે તે સત્તા પર આવશે તો ૧૭મી લોકસભાના પહેલા જ સત્રમાં લોકસભા તથા રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા સીટ અનામત રાખવા માટેનો મહિલા અનામત ખરડો પાસ કરશે. કોંગ્રેસના પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ કહ્યું છે કે, ગરીબી પર વાર, રૂ. ૭૨ હજાર, અબ હોગા ન્યાય સૂત્ર અમારા ચૂંટણી પ્રચારમાં અગ્રસ્થાને રહેશે.

લોકસભાની ચૂંટણી ચોકીદાર સામે ચોરોની ચૂંટણી : રૂપાણી

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પાટણ લોકસભા બેઠકના રાધનપુર ખાતે વિશાળ જનસભા સંબોધતા જણાવ્યું હતું કે, ચૂંટણીના પડઘમ વાગી ચૂક્યાં છે. ચૂંટણીનો મુખ્ય એક જ મુદ્દો છે. દેશ કોના હાથમાં સલામત દેશની રક્ષા કરવા માટે કોણ સક્ષમ ? ૫૬ની છાતીવાળો પ્રધાનમંત્રી જોઈએ છે કે ડરપોક, વોટબેંકની રાજનીતિ કરનાર પ્રધાનમંત્રી જોઈએ છે. આ ચૂંટણી ચોકીદાર વિરૂધ્ધ ચોરોની ચૂંટણી છે. મેં ભી ચોકીદાર હું ના નાદ સાથે દેશભરના લોકો દેશના ચોકીદાર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સાથે ઉભા છે. નરેન્દ્ર મોદીએ પણ કહ્યું છે કે, તેઓ પ્રધાનમંત્રી નહીં, પ્રધાનસેવક છે, ચોકીદાર છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દેશની તિજોરી પર ભ્રષ્ટાચારનો પંજો નહીં પડવા દે. રૂપાણીએ જણાવ્યું હતું કે, જે રીતે શરીરની તંદુરસ્તી માટે ભેળસેળ હંમેશા નૂકશાનકર્તા હોય છે તેમ મહાગઠબંધનના નામે ઉભી થયેલ મહામિલાવટ ગેંગ પણ આ દેશની તંદુરસ્તી માટે નૂકશાનકર્તા છે. તેઓ કહે છે કે, મોદી હટાવો, અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કહે છે કે, ભ્રષ્ટાચાર હટાવો. તેઓ કહે છે કે, મોદી હટાવો, અને મોદી કહે છે કે, ગરીબી હટાવો, દેશની જનતાએ નક્કી કરવાનું છે કે, કોને હટાવવા છે. આ મહામિલાવટી નેતાઓએ તેઓ જ્યારે સત્તામાં હતાં ત્યારે ખૂબ ભ્રષ્ટાચાર કર્યો. પરિવારો - સગાસંબંધીઓને માલામાલ કર્યા સિવાય બીજું કંઈજ કર્યું નથી. ગરીબ, પીડીત, શોષીત, વંચિતોની કંઈજ ચિંતા કરી નથી. ''ચોર મચાયે શોર'' વાક્યને યથાર્થ કરી આજે આ ચોરો ચોકીદાર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ચોર કહેવા નિકળ્યાં છે. પરંતુ દેશના ચોકીદાર ચોર નહીં પણ એકદમ પ્યોર છે, અને આ દેશની ઈમાનદારીથી સેવા કરી રહ્યાં છે. તેમનું એક જ સુત્ર છે, ''ખાતો નથી કે ખાવા દેતો નથી.'' કોંગ્રેસ તેમના જમાઈની ચિંતા કરવામાં વ્યસ્ત છે. હેલીકોપ્ટર કૌભાંડમાં આરજી , એપી, જેવા નામ સામે આવી રહ્યાં છે. દલાલી અને બેઈમાની જાણે કોંગ્રેસનો પર્યાય બની ગયાં છે. મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યાં હતું કે, આ ચૂંટણી ઈમાનદાર વિરૂધ્ધ બેઈમાનની ચૂંટણી છે. ૧૦ વર્ષ સુધી ડો. મનમોહનસિંહની સરકાર સોનીયા ગાંધીના રિમોટ કંટ્રોલથી ચાલતી હતી. આ સમયમાં દેશે કૌભાંડો ઉપર કૌભાંડો જોયા છે. કોલસા કૌભાંડ, રજી સ્પેક્ટ્રમ કૌભાંડ, કોમન વેલ્થ ગેમ ગોટાળો, હેલીકોપ્ટર કૌભાંડ એમ ચારે બાજુ ભ્રષ્ટાચાર જ ભ્રષ્ટાચાર હતો.

હુમલાનો ભય... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈન્ટેલીજન્સ માહિતી આવી છે કે, ભારત પાકિસ્તાન પર નવેસરના હુમલાની કરવાની તૈયારીમાં છે. કુરેશીએ કહ્યું હતું કે, અમારી માહિતી મુજબ આ હુમલા ૧૬મી એપ્રિલથી લઈને ૨૦મી એપ્રિલ વચ્ચેના ગાળામાં થઈ શકે છે. પાકિસ્તાન પાસે આ પ્રકારના પુરાવા અને માહિતી ક્યાંથી આવી છે તે અંગે માહિતી આપવાનો કુરેશીએ ઈન્કાર કર્યો છે પરંતુ કુરેશીએ કહ્યું છે કે, આ સંદર્ભમાં સર્વોચ્ચ સ્તરે પણ વાતચીત ઈ છે. પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાન દેશ સાથે આ માહિતી વહેંચવા માટે પણ સહમત થયા છે. ભારતની વિદેશ કચેરીએ આ સંદર્ભમાં હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી. પાકિસ્તાની વડાપ્રધાને ભાજપ ઉપર આકરા પ્રહારો કર્યા છે. સાથે સાથે એવા આક્ષેપને રદિયો આપ્